અપીલ અરજી નં.૧૫૩ તા.૨૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મુસ્તાક ઈબ્રાહીમ પટેલ

સામાવાળાઃ–ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતીઅધિકારી (શ.વિ.અ.)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુસ્તાક ઈબ્રાહીમ પટેલની તા.૨૦–૭–૦૯ ની અરજીથી(૧) સુરત મહાનગરપાલિકાની કચેરીમાં મિલકતનાં બાંધકામ માટેની પ્લાન મંજુર કરાવવા માટે મિલકતનાં માલિક ઉપરાંત ભાડૂત/કિરાયેદારની સહી સંમતીની જરૂર હોય કે કેમ? જો હોય તો કયાં કાયદાની જોગવાઈ અનુસાર જરૂરી છે જેની સંપુર્ણ વિગતો આપવી. (૨) બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકામાં રજુ કરેલા પ્લાનની મંજુરી બાબતે ભાડૂત/કિરાયેદાર વાંધો લે તો પ્લાનની મંજુરી અટકાવી શકાય કે કેમ? જો મંજુરી અટકાવી શકાય તો તે કયા કાયદા હેઠળ અટકાવી શકાય તેની વિગતવાર માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૧–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૫૩/૨૦૦૯–૧૦

શ્રી મુસ્તાક ઈબ્રાહીમ પટેલની તા.૨૦–૭–૦૯ ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાની કચેરીમાં મિલકતનાં બાંધકામ માટેની પ્લાન મંજુર કરાવવા માટે મિલકતનાં માલિક ઉપરાંત ભાડૂત/કિરાયેદારની સહી સંમતીની જરૂર હોય કે કેમ ? જો હોય તો કયાં કાયદાની જોગવાઈ અનુસાર જરૂરી છે જેની સંપુર્ણ વિગતો આપવી. (૨) બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકામાં રજુ કરેલા પ્લાનની મંજુરી બાબતે ભાડૂત/કિરાયેદાર વાંધો લે તો પ્લાનની મંજુરી અટકાવી શકાય કે કેમ? જો મંજુરી અટકાવી શકાય તો તે કયા કાયદા હેઠળ અટકાવી શકાય તેની વિગતવાર માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટી.ડી.ઓ./૨૦૦૭ તા.૧૦–૮–૦૯થી મળેલ માહિતી અધુરી અને અસ્પષ્ટ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭૫ તા.૧–૯–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતીઅધિકારી (શ.વિ.અ.) અને અરજદારને જાહેર માહિતી અધિકારીના પત્રથી જણાવેલ નકલ ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગેની વિગતો માટે પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૨૪૦૧ તા.૧૦–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ તથા સેન્ટ્રલઝોનમાંથી ટાઉન પ્લાનીંગ અને શહેર વિકાસ તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૫૦૨ તા.૨૨–૭–૦૯ થી તબદીલ કર્યાની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, તથા અરજદારને નં.ટીડીઓ/૨૦૦૭ તા.૧૦–૮–૦૯ ની નકલ તથા તે પોસ્ટ કર્યાની આરપીએડીની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૦–૭–૦૯ ની અરજીથી ઉપરોકત વિગતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીડીઓ/૨૦૦૭ તા.૧૦–૮–૦૯ ના રોજ પૂરી પાડયાની જણાય છે જેનાથી નારાજ થઈ અરજદારે તા.૨૧–૭–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં જવાબની નારાજગી અંગે અસ્પષ્ટ અને અધૂરી વિગત જેમાં પ્લાન પાસ અંગે ભાડુત અને કિરાયાદાની સંમતિની જરૂર છે કે કેમ? અને તે વાંધો લેતો તેને અટકાવી શકાય કે નહી? તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો પૈકીના નિયમ–૩.૩ મુજબ જે તે મિલ્કતના અધિકૃત કાયદેસરતા ધરાવતા માલિકી હક દર્શાવતા પુરાવાઓ જેવાકે વેચાણ દસ્તાવેજ/ઈન્ડેક્ષની નકલ/પ્રોપર્ટીકાર્ડ/રેવન્યુ કાર્ડ તરીકેના ૭/૧૨ ની નકલ પર નોંધાયેલ માલિકોની સહી/સંમતિની બાંધકામના પ્લાનોની મંજુરી માટે જરૂર હોય છે જે નિયમની નકલ મેળવવા નકલ નંગ–૧ ના રૂા.૨/– કચેરીથી જમાં કરાવ્યેથી મળશે તથા અટકાવવા બાબતે પણ માલિકી/હક ધરાવતાં ન હોય તેવા ઈસમો પ્લાનની મંજુરી અટકાવી શકે નહી તેવું જણાવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી અંગે કાયદાકીય જોગવાઈઓ સહિત જણાવવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ તા.૧૦–૮–૦૯ ના પત્રમાં જણાવેલ નિયમની નકલ ફી ના રૂા.૨/– ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ :   –૯ –૦૯***

***ડે.કમિશ્નર(જનરલ)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતીઅધિકારી (શ.વિ.અ.)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી મુસ્તાક ઈબ્રાહીમ પટેલ,